**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

# અધ્યાય-8 અક્ષરબ્રહ્મયોગ

ધનશ્યામસિંહ એન. ગઢવી

આ અધ્યાયના આરંભે પૂર્વ અધ્યાયના साकृत्स्नमध्यात्मम्, सधिभूतादि साधियज्ञम् કહીને આ અધ્યાયનું અહીં વિષયાભિમુખ આપી દીધું છે. આ અધ્યાય આદ્ય શંકરના મતે બ્રહ્માક્ષરનિદર્શ, મધસૂદન સરસ્વતીના અભિપ્રાયે અક્ષરબ્રહ્મવિવરણ તો શ્રીધર સ્વામી મુજબ મહાપુરુષયોગ અને તિલકના મંતવ્યમાં અક્ષરબ્રહ્મયોગ એવા નામોથી અભિહિત થયો છે.

પૂર્વ જ્ઞાનવિજ્ઞાનયોગના અંતમાં તત્ત્વોનો વિમર્શ બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત અધિદૈવ અને અધિયજ્ઞ વ. કોને કહેવાય. આ પ્રશ્નોનો તે અંતિમ તત્વ છે. 'एतद्वैतदक्षरं गार्गि ब्रह्मणा अभिवदन्त्यस्थूलमनण्वित्यादि । एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्यचन्द्रमसौ विधृतौ तिष्ठतः । વિશિષ્ટાદ્વૈતી આચાર્ય રામાનુજના મતે अव्यक्तमक्षरे लीयते अक्षरं तमसि लीयते । આ શ્રુત્યાનુસાર ક્ષેત્રજ્ઞ, જગભિન્ન ઇશ્વર કે સમષ્ટિરૂપ ચૈતન્ય છે. સાંખ્યાનુસાર અવ્યક્ત પ્રકૃતિને પણ અક્ષર કહેવાય છે. તેથી માત્ર અક્ષર કહેતા સાંખ્યની પ્રકૃતિ અને બ્રહ્મ એવા બન્ને અર્થો થઇ શકે. આવો પ્રશ્ન ન થાય તેથી ગીતા તેને અક્ષરને પરમ વિશેષણથી ઓળખાવે છે. अक्षरं ब्रह्म परमं (ભ.ગી.૮-૩) અથવા-

**भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः।**

કર્મ એટલે નિર્વાહાદિ કરનાર જે જે વિસર્ગ એટલે કાંઇપણ અપાયેલું અથવા કરાયેલું તે તે કર્મ-

**कर्मब्रह्मौद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम्।** (ભ.ગી.૩-૧૫)

स्वभावोऽध्यात्ममुच्यते । (ભ.ગી.૮-૩) સ્વભાવ અર્થાત્ કોઇપણ પદાર્થનું સૂક્ષ્મ સ્વરૂપ स्वभावः स्वो भावः स्वरूपं प्रत्यकचैतन्यम्तु स्वस्य भावः આવું તિલકનું માનવું છે. અર્થાત્ સ્વરૂપ ચૈતન્ય એટલે કે પ્રત્યક્ચૈતન્ય જ અધ્યાત્મ છે. अध्यात्मनित्या विनिवृत्तकामा । (ભ.ગી.૧૫-૫) ભક્તને ભગવાન અધ્યાત્મનિત્ય

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ત્યારે કહે છે જ્યારે તે વિનિવૃત્તકામ બને. જ્ઞાનેશ્વરી કહે છે-

निकल जाने पर खोट। जैसे बनता स्वर्ण शुद्ध । वैसे सङ्कल्प होते ही लुप्त । जीव ही ब्रह्म । (જ્ઞાને.૬-૮૨)

અમેરિકન કલાવિદ્દના મતે અધ્યાત્મ એટલે अपरोक्षज्ञानमिदं किञ्चन अध्यातमदृष्टिः (ફ્લોરેન્સ સ્કોવેલ શિન–સં.સંભા) તત્ત્વજ્ઞાનનો અનુભવ એ અધ્યાત્મ अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् । (ભ.ગી.૧૩–૧૧)

વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્ । (ભ.ગી.૧૦–૩૨) અર્જુને કહ્યું કે મારા પર પરમ કૃપા અર્થે આપે મને આધ્યાત્મિક રહસ્ય કહ્યું.

**मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम्** । (ભ.ગી.-૧૧-૧)

મધુસૂદન સરસ્વતીના મતે સ્વભાવ એટલે બ્રહ્મભાવ अहं ब्रह्मास्मि શ્રુતિ કહે છે. આ અધ્યાત્મ માત્ર બ્રહ્મભાવ જ નહીં પણ જનકાદિઓ જેવા દેહમાં અધિષ્ઠિત ઇઇ વિદેહ કહેવાયા તેવા ભોક્તારૂપ વર્તતો પ્રત્યક્ ચૈતન્ય 'स एवात्मानं देहमधिकृत्य भोकर्तृत्वेन वर्तमानोडध्याय- त्मशब्देनोच्यते । (શંકરાચાર્ય) અથવા સ્વભાવ એટલે-

**स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा**। (ભ.ગી.૧૮-૬૦)

સ્વભાવ એટલે પ્રકૃતિ આવું પ્રો.મોદીનું માનવું છે. પ્રકૃતિના સંદર્ભે ગીતા કહે છે. प्रकृतिं यान्ति भूतानि प्रकृतेः ज्ञानवानपि । (ભ.ગી.૩-૩૩) આ દૃશ્ય જગત પરબ્રહ્મની સૃષ્ટિ છે. तस्मात्सर्वगतं ब्रह्म (भ.गी.3-15) બીજી બાજુ યજ્ઞમાં હવન એ જ વિસર્ગ એટલે કે આ યજ્ઞથી પર્જન્ય, પર્જન્યથી અન્ન અને અન્નથી ભૂતોત્પત્તિ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

તથા જે ભૂતસૃષ્ટિ તે જ કર્મ-

**अन्नाद् भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।**

**यज्ञाद् भवन्ति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः । (ભ.ગી.૩-૧૪)**

ભૂતરૂપી ભાવ એટલે પદાર્થની ઉત્પત્તિ એવું શ્રીધર કહે છે. અનન્વયથી સમજાવ્યું કે–

**जब हुआ तनु संयोग । आया साथ कर्तव्य ओध ।**

**अधियज्ञोडहमेवात्र देहे देहभृतां वर ॥** (ભગી.૮–૪)

ઉપર્યુક્ત પ્રશ્નાવલીમાં કહ્યું કે અંતે જે મારું સ્મરણ કરતો દેહાવસાન પ્રાપ્ત કરે તે મને પ્રાપ્ત થાય છે. या मतिः सा गतिः અનુસાર જીવનભર ન ભજે પણ અંતકાલે स्मरन्मुक्त्वा कलेवरम् પણ પ્રભુપદાધિકારી બને, જો સ્મરણ કરતો મરણ પામે તો, સ્મરણભક્તિની શ્રેષ્ઠતાની ગુંજાઇશ અહીં પ્રસ્તુત છે. જેવા કે અજામીલ ગજેન્દ્ર વ. આના ઉદાહરણો છે. શરણગતિનું સમ્માન છે. સક્ષમાધ્યાયમાં ઓમનું મહિમામંડન કર્યું. તેમજ સાંપ્રત કાળે પણ તેનું મહત્તજનસમૂહ અધિક સમજતો થયો છે. કઠોપનિષદ કહે છે. एतत् हि अक्षरं ब्रह्म યોગાચાર્ય પ્રણવને 'ઇશ્વરવાચક' કહે છે. તેના જપથી ઇશ્વરપ્રણિધાન અને તેનાથી સમાધિ સિદ્ધ થાય છે. આ નાદબ્રહ્મને માંડૂક્યોપનિષદ સર્વવ્યાપી, સર્વબોધક અને ત્રિકાલાતીત ગણે છે.કાલગણના સમયે સૃષ્ટયોત્પત્તિથી પ્રલયાન્ત સુધીની ગણના યાસ્કથી કરીને મહાભારત સુધી અત્ર તત્ર થયેલી છે. કલિ ૪૩૨૦૦૦, દ્વાપર ૮૬૪૦૦૦, ત્રેતા ૧૨૯૬૦૦૦ તથા સત્યના ૧૭૨૮૦૦૦ વત્તા સહસ્ર યુગોનો એક કલ્પ, એકોતેર ચતુયુગોનો એક મન્વન્તર, આવા ચૌદ મન્વન્તરોનું પરિમાણ છે. મન્વન્તરે પ્રલય જે સૂર્યલોક સુધીનો અને બ્લ્યૂમાં થતો પ્રલય સત્યલોક પર્યંત થાય છે. પ્રતિ પ્રલય પૂર્વસંસ્કારના નાતે નૂતન સર્જન થાય છે. પંચાંગ પ્રમાણે દૈવી ૧૨ વર્ષી

એટલે માનવીય ૪૩૨૦૦૦૦(૧૨૦૦૦ ૩૬૦). તેને દૈવી એક યુગ કહેવાય. આને મનુષ્યનો મહાયુગ કહેવાય છે. આવા એકોતેર દેવયુગોને મન્વન્તર કહેવાય છે. આવા ૧૪ મન્વન્તરોની વચ્ચેનો સંધિ સમય (૧૫ સંધિકાળ) મેળવીને દેવોના એક હજાર યુગો અથવા બ્રહ્માનો એક દિવસ ગણાય છે. એવા જ હજાર યુગની બ્રહ્માની એક રાત્રિ ગણાય છે. આ રીતે બ્રહ્માનો એક દિવસ એટલે માનવોના ચાર અબજ બત્રીસ કરોડ વર્ષો થયા છે. જેને અહીં–

**सहस्रयुगपर्यन्तमहद्‌ब्रह्मणो विदुः ।**

**रात्रिं युगसहस्रान्तां तेऽहोरात्रविदो जनाः ॥** (ભ.ગી. ૮-૧૭)

તે પદ ચોક્કસ રીતે પામવું કેવી રીતે? તેનો પ્રત્યુત્તર કે આત્માના સ્વરૂપનો પ્રાપ્તિ બાદ આવાગમનની વિનિષ્ટિ સુધીની યાત્રા વર્ણિત કરી છે. અથવા સંકેત કરતાં કહે છે. અભ્યાસયોગથી અથવા એકાગ્રચિત્તથી કવિ, પુરાણ, શાસ્તા, અણોરણીયાન. અચિત્વ, સૂર્યવત્ વેદવેત્તા જેને અક્ષર કહે છે તેને પ્રાપ્ત કરી શકાય છે. આમ યોગ દૃષ્ટયા તેનું સમાધાન અને સ્વરૂપ જણાવ્યું છે.

દેહત્યાગ બાદ આત્માની ગતિ અંગે ઔપનિષદીય વિચાર કહે છે કે વ્યક્તિ તેના કર્મો, કર્મ તેની પાછળ રહેલી વાસનાઓ અને વાસનાઓથી વ્યક્તિનુ પ્રારબ્ધ નિશ્ચિત થાય છે. અજ્ઞાની પરમસુખતી વંચિત પ્રદેશમાં અને જ્ઞાની બ્રહ્મપદપ્રાપ્તકર્તા થાય છે. ગીતાના ઉદ્ઘાટનમાં આ દેહ અને દેહીની અવસ્થા અને સંઘટનથી જ થાય છે–

**तस्य हि ध्रुवो मृत्यध्रुवं जन्म मृतस्य ।** (ભ.ગી.૨-૨૭)

દેહ નાશવંત અને દેહી (આત્મા) અજર, અમર, અનંત અને અવિનાશી છે. હવે જે વિનાશી છે, જેને મૃત્યુનું સમાગમ થાય છે ત્યારે મનુષ્ય-

**यं यं वाडपि स्मरन् भावं त्यजन्ते कलेवरम् ।**

**तं तमैवेति कौन्तेय सदा तद्भावभावितः ॥**

ગીતાના મતે બે પ્રકારના મનુષ્યો આસુરી અને દૈવીસંપ્રદાવાળા છે, ત્યાં કહ્યું છે તે પ્રમાણે આસુરી સદૈવ **पतति नरकेडशुचौ** । આનાથી વિરુદ્ધ નિષ્કામકર્મી **स याति परमां गतिम्** । છે. જે તે પરમધામપ્રાપ્ત પુરુષ ગતિ પામે છે તેને માર્ગો નામ આપ્યું છે. તે શુક્લ અને કૃષ્ણ ગતિ નામે ઓળખાય છે. સૃષ્ટિના પાલન-પોષણાર્થે સૂર્યાદિ જવાબદાર છે. સૂર્યાધિકાર ઉત્તરાયણ, દિવસ અને શુક્લપક્ષ પર છે,તો દક્ષિણાયન રાત્રિ અને કૃષ્ણપક્ષ પર ચંદ્ર શાસન કરે છે, એવું માનવામાં આવે છે. સૂર્ય પોતાના વિસ્તારને કારણે પૃથ્વી પ્રભાવિત કરતો હોવા છતાં તેની અસરમાં નથી આવતો, જ્યારે ચંદ્ર સૂર્ય કરતાં વ્યાસમાં નાનો હોવાથી પૃથ્વીથી વધુ આકૃષ્ટ થાય છે. આવું હોવાના નાતે સૂર્યસ્થ જીવોનું પુનરામગમન થવાને કારણે અને ચંદ્રસ્થ જીવોની પુનરાવૃત્તિ નિશ્ચિત થાય છે. જે યોગીઓ વાસનાક્ષતિને કારણે બ્રહ્મક્ય અનુભવી લે છે તેઓનું દેહવસાન સૂર્યના અધિકારમાં થાય. આનાથી વિપરીત **क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति** । (ભ.ગી.પર મ.ન દ્વિવેદી) કર્મરીતના અમલમાં ભિન્નતા હોવાથી આવી બે ગતિઓમાં ભિન્નતા આવે છે, જેનું ફળ મુક્તિકાલે ભેદવાળું થઇ જાય છે. જેને દેવયાન અને પિતૃયાન નામો અપાયા છે. દાહસંસ્કાર બાદ અગ્નિમાંથી નિષ્પન્ન જ્યોતિ, દિવસ, શુક્લપક્ષ અને ઉત્તરાયણપ્રયાણ કર્મયોગીને બ્રહ્મપદમાં લબ્ધપ્રતિષ્ઠિત બનાવે છે. સકામધામપ્રાપ્ત ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનગામી બનતા જરા-મૃત્યુના ચક્કરમાં પડે છે. આને જ અર્ચિરાદિમાર્ગ અને ધૂમ્રાદિમાર્ગ જે અનુક્રમે પ્રકાશ અને અંધકારનો છે, એવું ઉપનિષદ કહે છે. દેવયાનમાં મૃત્યુ બાદ અર્ચિ કે અગ્નિ પાસે ગમન

કરતો ક્રમશઃ દિવસ, શુક્લપક્ષ, ઉત્તરાયણ, વાયુલોકાદિથી ગતિ કરતો અંતતઃ બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે. વિદ્યુતલોકના સ્તરે એક અતિમાન સત્વ તેનું સ્વાગત કરે છે, આત્માને ચાર ઉચ્ચતર કક્ષાઓમાંથી દોરી જાય છે. જે આત્મા આવો ન હોય તેને પિતૃયાન તરફ દોરી જવામાં આવે છે. ત્યાંથી ક્રમશઃ આકાશ, વાયુ, ધૂમ, મેઘ અને વર્ષા વડે પૃથ્વી પ્રતિ ગમન કરે છે. શંકરાચાર્ય અગ્નિ વ તત્વો તે તે નિર્દિષ્ટ કાલખંડોના અધિષ્ઠાતા દેવતાઓ છે તેવું કહે છે.તો તિલકનો મત આર્યોના ઉત્તર ધ્રુવીય ષણમાસીય રાત્રિ-દિવસના સંકેતો માને છે.

આ અધ્યાયના અન્ય શંકરાચાર્ય બ્રહ્માક્ષરનિર્દેશ, મધુસૂદન સરસ્વતી આને અક્ષર- પરબ્રહ્મવિવરણ, શ્રીધર મહાપુરુષયોગ અને તિલક અક્ષરબ્રહ્મયોગ એવા નામાભિધાનો પણ આપે છે.